# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-04-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે “કેચ ધ રેઇન” અને ‘એક પેડ માં કે નામ’ અભિયાનમાં સહભાગી થવા નાગરિકોને આહ્વાન કર્યું
2) અમદાવાદમાં ચંડોળા તળાવ ખાતેથી અંદાજે 60 ટકા જેટલું ગેરકાયદેસર દબાણ દૂર કરાયું
3) તાપી જિલ્લાના ડોલવણના પાઠકવાડીમાં રાજ્યના પ્રથમ એરફિલ્ડ રબર ડેમનું ખાતમુહૂર્ત
4) સુરતની રવિના રાજપુરોહિતે ઉપરાષ્ટ્રપતિના માર્ગદર્શનમાં સંસદની એક મહિનાની ઇન્ટર્નશીપ પૂર્ણ કરી
5) રાજ્યમાં આગામી બે દિવસ હિટવેવની હવામાન વિભાગની આગાહી

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM KUTCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જળ સંચય માટે "કેચ ધ રેઇન" અને ગ્રીનકવર માટે 'એક પેડ માં કે નામ ' અભિયાનમાં સહભાગી થવા નાગરિકોને આહ્વાન કર્યું છે. કચ્છ જિલ્લાના જખૌના ઓધવધામ ખાતે ત્રિ-દિવસીય સુવર્ણ મહોત્સવમાં શ્રી પટેલે જણાવ્યું કે, ગુરુશ્રી ઓધવરામજીએ સમાજમાં કુરિવાજો સામે ચેતના જગાવી સામાજિક સમરસતાનો સંદેશો આપ્યો છે. તેમણે જણાવ્યું , કચ્છમાં એક પેડ મા કે નામનો સંકલ્પ ચરિતાર્થ થાય છે

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે 101 નીરણ કેન્દ્રના આરંભ સાથે 42 કન્યાઓનું કન્યાદાન કરાયું હતું. કાર્યક્રમમાં મહાજનની અંદાજે 10 હજાર મહિલાઓ પોતાના ભાતીગળ પોશાક `પુતારો' પહેરીને ઓધવ મહારાસમાં રાસ રમી હતી.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR CONVOCATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનો ૭મો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે તેમણે શિક્ષણનો પરિવાર , સમાજ અને રાષ્ટ્રના ભલા માટે ઉપયોગ કરવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. આ સમારોહમાં ૭0 વિદ્યાર્થીઓને ૪૪ ચંદ્રક એનાયત કરાયા હતા. 12 વિદ્યાશાખાના 13 હજાર ૭65 વિદ્યાર્થીઓને ડીજી લોકર એપ્લિકેશનના માધ્યમથી ડિગ્રી પ્રમાણપત્ર અપાયા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું કે ,આજના સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધીને સફળતા હાંસલ કરી રહી છે. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# AHM CHANDOLA DEMOLITION

અમદાવાદમાં ચંડોળા તળાવ ખાતેથી અંદાજે 60 ટકા જેટલું ગેરકાયદેસર દબાણ દૂર કરાયું છે. ક્રાઇમ બ્રાન્ચના JCP શરદ સિંઘલે જણાવ્યું , આ કાર્યવાહી દરમિયાન લલ્લા બિહારીનું ગેરકાયદેસર ફાર્મહાઉસ દૂર કરી તેના પુત્ર ખોટા દસ્તાવેજ બનાવતો હોવાથી તેને અટકાયત કરવામાં આવી છે.

(બાઇટ: શરદ સિંઘલ-JCP)

વહેલી સવારથી શરૂ કરાયેલી આ કાર્યવાહીમાં 50થી વધુ ડમ્પરો અને JCB મશીન સાથે 2 હજાર પોલીસ કર્મચારીઓ અને 15 SRP કંપનીનો સઘન બંદોબસ્તમાં ગોઠવાયો હતો.

. . . . . . . . . . . . .

# MORBI FOOD POISONING

મોરબી જિલ્લાના માળિયાના ખારા વિસ્તારમાં 14 લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે. મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે શાક ખાધા બાદ એક જ પરિવારના 14 સભ્યોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી , જેમાં 6 પુરુષ, 5 મહિલા અને 3 બાળકોની તબિયત બગડી હતી. તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# TAPI RUBBER DAM

રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ તાપી જિલ્લાના ડોલવણના પાઠકવાડીમાં રાજ્યના પ્રથમ એરફિલ્ડ રબર ડેમનું ખાતમુહૂર્ત કર્યું. ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા આ ડેમથી ગ્રામજનો તેમજ ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે.

બાઈટ : કુંવરજી બાવળિયા (કેબિનેટ મંત્રી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# WAVES

વેવ ઓ.ટી.ટી પ્લેટફોર્મ અંગે યુવાનોને માહિતગાર કરવા પ્રસાર ભારતી દ્વારા આજે દૂરદર્શન અમદાવાદ ખાતે પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે વર્કશોપ યોજાઇ ગયો, જેમાં અમદાવાદનાં ગુજરાત વિદ્યાપીઠ , ગુજરાત યુનિવર્સિટી, પી.ડી.ઇ.યુ, એલ જે કોલેજ અને ભવન્સ કોલેજના અંદાજિત 40 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીને સંબોધન કરતાં , આકાશવાણી અમદાવાદના સમાચાર વિભાગના પ્રમુખ ડૉ ચિરાગ ભોરણીયાએ જણાવ્યું કે, આકાશવાણી અને દૂરદર્શનના સમૃદ્ધ વારસાને લોકો સમક્ષ લાવવા પ્રસાર ભારતીએ શરૂ કરાયેલો વેવ ઓ ટી ટી પ્લેટફોર્મ પારિવારિક મનોરંજન માટે એક નવું માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે.

તેમણે જણાવ્યું કે, આ પ્લેટફોર્મ પર દેશની 26 ભાષાઓમાં વિવિધ શ્રેણીમાં કાર્યક્રમો ઉપલબ્ધ છે જેમાં ફિલ્મ , સંગીત, ડોક્યુમેન્ટરી રેડિયો જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

## <u>બાઇટ ચિરાગ ભોરણીયા</u>

કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ દૂરદર્શન કેન્દ્રની મુલાકાત લઈ વિવિધ વિભાગોમાં ચાલતી કામગીરી અંગે જાણકારી મેળવી હતી.

. . . . . . . . . . . . .

# VAN KAVACH – JAMNAGAR

વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જામનગરના લાલવાડીમાં "વનકવચ"નું લોકાર્પણ કર્યું

આ પ્રસંગે શ્રી બેરાએ જણાવ્યું કે , રાજ્યને વધુ હરિયાળું બનાવવાના હેતુથી,જાપાની વનીકરણ પદ્ધતિ મિયાવાકીને લક્ષ્યમાં રાખી વન વિભાગ દ્વારા વનકવચ પદ્ધતિ વિકસાવવામાં આવી છે. વનકવચએ મુખ્યત્વે શહેરી તેમજ અન્ય વિસ્તારમાં આવેલ પડતર જમીનમાં ઝડપથી નાનું વન બનાવવાની પદ્ધતિ છે.

વન વિભાગ તથા જામનગર મહાનગર પાલિકાના સંયુકત ઉપક્રમે અંદાજીત ૨૫ લાખ રૂપિયા ના ખર્ચે મિયાવાકી પદ્ધતિથી તૈયાર કરા ચેલા એક હેક્ટર વિસ્તારમાં, ૩૮ પ્રકારના ૧૦ હજાર રોપાઓના વાવેતર સહીત બાલક્રિડાંગણ , પાથ-વે, વનકુટિર, સેલ્ફી પોઇન્ટ સહિતની સુવિધાઓ ઊભી કરાઇ છે.

. . . . . . . . . . . . .

# SURAT RAJYASABHA INTERNSHIP

સુરતની રવિના રાજપુરોહિતે ઉપરાષ્ટ્રપતિ સાથે સંસદમાં એક મહિનાની ઇન્ટર્નશીપ પૂર્ણ કરી છે. સમગ્ર દેશમાંથી 32 વિદ્યાર્થીઓની રાજ્યસભ ઇન્ટર્નશીપ માટે પસંદગી થઈ હતી, જેમાં સુરતથી રવિના રાજપુરોહિતની પસંદગી થઈ હતી. તેમણે પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યું , સંસદમાં શિસ્તનું પાલન કરીને એક એક વિષય ઉપર દેશ હિતમાં નિર્ણયો લેવાના હોય છે.

(બાઇટ: રવિના રાજ પુરોહિત)

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી બે દિવસ હિટવેવની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પહેલી મે સુધી મહતમ  તાપમાન 40 થી 44 ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. જ્યારે ચાર દિવસ બાદ  2 થી 4 ડીગ્રીનો ઘટાડો થઈ શકે છે. આવતીકાલે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે રાજકોટમાં ઓરેન્જ એલર્ટ યથાવત છે. રાજ્યના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની પણ આગાહી છે.

રાજકોટમાં સૌથી વધુ 46 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે સુરેન્દ્રનગરમાં 45 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે રાજ્યના 12 શહેરોમાં તાપમાનનો પારો 40 ડિગ્રીથી ઉપર રહ્યો હતો. અમદાવાદમાં 44 અને ગાંધીનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

અરવલ્લી  જિલ્લામાં પણ ગરમીનો પારો ઊંચો રહેતા ધનસુરા સામૂહિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ.આદિત્ય ચૌધરીએ સાવચેતી રાખવા અપીલ કરી છે.

(બાઇટ:  ડૉ.આદિત્ય ચૌધરી, મેડિકલ ઓફિસર)

. . . . . . . . . . . .

# KHEL MAHAKUMBH - BOTAD

સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગરમાં મનો દિવ્યાંગ ખેલાડીઓનો રાજ્યકક્ષાનો ખેલ મહાકુંભ આવતીકાલથી ૩ મે સુધી યોજાશે.

ખેલ મહાકુંભમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે ખાસ મહાકુંભનું આયોજન દર વર્ષે કરાય છે, જે અંતર્ગત આ વર્ષે પણ રાજ્યના દરેક જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવેલ મનો દિવ્યાંગ ખેલાડીઓ માટે રાજ્ય કક્ષાની સ્પર્ધા હિમતનગર સાબર સ્ટેડિયમ ખાતે યોજાશે. આ રમતોત્સમાં દોડ , ફેંક, વોલીબોલ, બેડમિન્ટન, બાસ્કેટ બોલ, સ્વિમિંગ, બોસી, સાયકલિંગ, ટેબલ ટેનિસ, ક્રિકેટ જેવી રમતોમાં ખેલાડીઓ ભાગ લેશે.

. . . . . . . . . . . . .